

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના વર્ષને વડાપ્રધાને ''સ્વચ્છતા અભિયાન'' થકી ઉજવ્યું અને તાજેતરમાં ગાંધીજયંતિના દિવસે ''પ્લાસ્ટિક મુક્ત ભારત'' અભિયાનનો પણ પ્રારંભ કરાવ્યો છે. જો કે હજુ પણ નાગરિકોમાં સ્વચ્છતાની જાળવણી અને 'સિંગલ યુઝ પ્લાસ્ટિક''ના વપરાશને ટાળવા અંગે જાગૃતિ પ્રમાણમાં ઓછી જણાય છે. વડાપ્રધાનના જ ગૃહ રાજ્ય સેવા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં હજુ પણ અનેક ઠેકાણે ખુલ્લામાં પ્લાસ્ટિક સહિતના કચરાના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યાં છે. શહેરના સેક્ટર-૧૧માં એલઆઈસી બિલ્ડીંગ નજીકમાં જોવા મળેલ આ કચરાના ઢગ જોઈને પ્રતિત થાય છે કે કોઈ ખાનગી કે સરકારી કચેરી અથવા સંસ્થા દ્વારા કચરાને આ રીતે જાહેરમાં ફેંકીને અયોગ્ય નિકાલ કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે. શહેરમાં આ રીતે જાહેરમાં કચરો ફેંકનારાઓ પ્રત્યે તંત્રએ ''લાલ આંખ'' કરવી જરૂરી જણાઈ રહ્યુ છે.

# કુડાસણ પાટીયા પાસે બાઈક સ્લીપ થતા આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર થી અમદાવાદ તરફ જતા માર્ગ પર કુડાસણ પાટીયા પાસે અચાનક બાઈક સ્લીપ થતા બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યું નિપજયું હતું.

અસારવામાં નવરોજી વકીલની ચાલીમાં રહેતા રતીલાલ શિવાભાઈ નાડીયા મંગળવારના રોજ વાવોલ ખાતે પિતરાઈ ભાઈના ઘરે શ્રીમંત હોવાથી આવ્યા હતા. પ્રસંગ પૂર્ણ કરીને સાંજે ઘર તરફ બાઈક પર પોતાના ભત્રીજા સાથે જઈ રહ્યા હતા તે સમયે કુડાસણ પાટીયા પાસે અસંખ્ય વાહનો વચ્ચે અચાનક બ્રેક મારતા બાઈક પરનો કાબુ ગુમાવી બેસતા બાઈક સ્લીપ થઈ ગયું હતું. બાઈક સ્લીપ થતા રતીલાલ અને તેમનો ભત્રીજો માર્ગ પર પટકાયા હતા. જેમાં બાઈક ચાલક રતીલાલને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયા ફરજ પરના ડોકટરે તેઓને મૃત જાહેર કર્યા હતા. જયારે બાઈકની પાછળ બેઠેલા ભત્રીજાને બેઠો માર વાગ્યો હતો.

# ચંદ્રાલા દુધ મંડળીના સેક્રેટરી સામે ઉચાપતની ફરીયાદ

ચંદ્રાલા ગામની દુધ ઉત્પાદન સહકારી મંડળીમાં રૂ.૩.૧૪ લાખની ઉચાપત થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. મંડળીના ચેરમેન સેક્રેટરી પ્રહલાદભાઈ પટેલ સામે છેંતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ચંદ્રાલા દુધ ઉત્પાદન સહકારી મંડળીના ચેરમેન જીતેન્દ્રભાઈ છબાભાઈ પટેલ ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ ગત વર્ષે મંડળીના સભ્યો દ્વારા જિલ્લા રજીસ્ટ્રાર પાસે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના વર્ષના રી-ઓડીટની માંગ કરી હતી. જે રી-ઓડીટમાં એપ્રિલ-૨૦૧૪થી માર્ચ-૨૦૧૫ ના વર્ષમાં ઉચાપતમાં સેમ્પલ દુધના વકરામાંથી રૂ.૨૭,૯૦૨ મકાનના ભાડાના ૬ હજાર અને મંડળીના બેંક એકાઉન્ટમાંથી રૂ.૨.૮૧ લાખનો તાળો મળ્યો ન હતો. જેને પગલે મંડળીના તમામ હિસાબો અને વ્યવહારોનું કામકાજ કરતા સેક્રેટરી-મંત્રી પ્રહલાદભાઈ મણીલાલ પટેલ (સાદરા રોડ, ચંદ્રાલા) દ્વારા કુલ રૂ. ૨,૧૪,૯૦૨ ઉચપાત કરી હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે ચેરમેન દ્વારા મંડળીના તમામ હોદેદારો તેમજ સભ્યો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરીયાદ મંત્રી સામે કરી હતી. જેને પગલે ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે જુન ૨૦૧૯માં મંડળીમાં હોદેદારો અને સભ્યોની બેઠક બોલાવીને મંત્રી પાસેથી વ્યાજ વસુલ કરવાનો ઠરાવ કરાયો હતો અને હંગામી ઉચાપત વ્યાજના રૂ.૨૩૫૦ વસુલ કર્યા હતા. જે અંગે જિલ્લા રજીસ્ટ્રારને જાણ કરાઈ હતી. જો કે રજીસ્ટ્રાર દ્વારા ફરીથી ફરીયાદ માટે લેખિત હુકમ કરતા આખરે પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

# પરણિતાના આપઘાત કેસમાં સાસરીયા સામે દુષ્પ્રેરણની ફરીયાદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નર્મદા કેનાલમાંથી પાંચ દિવસ અગાઉ એક યુવતિનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવમાં મૃતક યુવતિના પિતાએ દિકરીને સાસરીયાઓના શારીરીક અને માનસિક ત્રાસથી આપઘાત કર્યો હોવાની ફરીયાદ કરી છે. ડીસાની યુવતિના આપઘાત કેસમાં અમદાવાદ ખાતે રહેતા પતિ સહિત ચાર વ્યકિતઓ સામે આપઘાત અને દુષ્પ્રેરણની ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ડીસાના જયંતનગરમાં રહેતા અશ્વિનકુમાર ચંદુલાલ મોઢની ફરીયાદ મુજબ તેઓની ૨૭ વર્ષિય દિકરી નિકીતાના લગ્ન વર્ષ ૨૦૧૬માં અમદાવાદના બાપુનગર ખાતે રહેતા નરેશકુમાર અમૃતલાલ મોદીના દિકરા પાર્થ સાથે થયા હતા. તેમના લગ્નજીવન દરમિયાન બે વર્ષનો દિકરો શ્લોક છે. છ માસ પહેલા ફરીયાદી પર જમાઈનો ફોન આવ્યો હતો કે નાના ભાઈ અંકિતને કેનેડા અભ્યાસ માટે જવાનું હોવાથી પાંચ લાખ રૂપીયાની માંગણી કરી હતી. તેઓએ રૂપીયા ન આપતા તેમની દિકરીને શારીરીક માનસિક ત્રાસ વધી ગયો હતો. ત્યારબાદ દોઢ મહિને તેમની દિકરીને ફોન આવ્યો હતો જેમાં દિયર માટે ૫૦ થી ૬૦ હજાર ખુટતા હોવાનુ કહીં સગવડ કરી આપવાની વાત કરી હતી. જેથી ફરીયાદીએ ફોન પર જ સગવડ ન હોવાનું કહીં દીધુ હતું.ત્યારબાદ તેમની દિકરીના ફોન ઓછા થઈ ગયા હતા. ૪ ઓકટોબરના રોજ નિકીતાએ માતાને ફોન કરીને મમ્મી આ મારો છેલ્લો ફોન છે, આજ પછી હું તમને ફોન નહીં કરુ, મારા દિકરા શ્લોકને સાચવજો શબ્દો બોલીને ફોન બંધ કરી દીધો હતો. ત્યારબાદ તેમણે સાસરીયાને ફોન કરીને પુછતા તેના સાસુએ કહ્યું હતું કે સવારે શાક બનાવવા બાબતે ઝઘડો થતા બપોરે નિકીતા નીકળી ગઈ હતી. ફોનને પગલે અમદાવાદ દોડી આવેલા પરિવારે મોબાઈલનું લોકેશન ટ્રેસ કરતા અડાલજ -ખોરજ દર્શાવતુ હતું. જેને પગલે નર્મદા કેનાલ પાસેથી ચપ્પલ અને મોબાઈલ મળી આવ્યો હતો. તરવૈયાઓ દ્વારા કેનાલમાં શોધખોળ હાથ ધરવામાં આવતા તા.૫ ઓકટોબરના રોજ સાંજના સુમારે જોગણીમાતાના પુલ અને બાપા સીતારામ પુલના વચ્ચેના ભાગેથી મૃતદેહ મળી આવ્યો હતો. તે સમયે પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે હવે ઘટનાને ચાર દવિસ બાદ પિતાએ દિકરીના પતિ પાર્થ, સસરા નરેશકુમાર, મોદી, સાસુ લત્તાબેન, અને દિયર અંકિત સામે શારીરીક માનસિક ત્રાસ આપતા મરવા માટે દુષ્પ્રેરણની ફરીયાદ નોંધાવી છે. જેને પગલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ૨૭મી કાર્યશાળામાં મેઘાણીનો શબ્દવૈભવ ચર્ચાયો

ગાંધીનગર, તા.૯

માતૃભાષા ગરવી




ગુજરાતીને તેના પરમ વૈભવ પર પહોંચાડવાની નેમ સાથે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન તેની આગવી પ્રવૃત્તિ કરતું રહે છે. જેના અનુસંધાને પ્રતિષ્ઠાનની ૨૭મી કાર્યશાળા ચિલ્ડ્રન યુનિ.ના સમિતિ ખંડમાં યોજાઈ હતી. દિપ પ્રાગટયની પરંપરા પૂર્ણ કર્યા બાદ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ અને ચિલ્ડ્રન યુનિ.ના ઉપકુલપતિ હર્ષદભાઈ શાહે પ્રેરક વકતવ્ય આપ્યું હતું.

ગુજરાતના અનોખા ગઝલકાર કિશોરભાઈ જીકાદરાએ ગુજરાતી ભાષાના શિરમોર સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીની યશસ્વી કૃતિ વેવીશાળનું વાંચન કર્યું અને એના શબ્દવૈભવની પ્રતિતિ કરાવી હતી. મેઘાણીએ પ્રયોજેલા અણોજો-રજા, વેરે-સાથે, ભાંડુર-ભાઈ અને બહેન વગેરે શબ્દો ગુજરાતી શબ્દ વૈભવની સંસ્કૃતિ રજુ કરી હતી. આ સાથે કિશોરભાઈએ જણાવ્યું કે અગ્રેજીમાં 'દોરા' માટે 'થ્રેડ' શબ્દ છે. જયારે ગુજરાતીમાં દોરાના વિવિધ ઉપયોગ પ્રમાણે અનેક શબ્દો છે. જેવા કે દોરી, દોરો, ભમરડા માટે જાળી, રેંટીયાના નાના અને મોટા પૈડાંને જોડે તે માળ, બળદને કાબુમાં રાખવા વપરાય તે રાશ, કોશ ખેંચવા માટે દોરડું એટલે વરત, કુવામાંથી પાણી સિંચવા વપરાય તે રાઢવું, નાડી-નાડું (ગુંથેલું હોય), ગાડા સાથે વપરાય તે જોતર, ઘોડા ગધેડાને છુટા મકવામાં આવે તો ભાગે નહીં તે માટે બાંધવાનું દોરડું-દામણ છેલ્લે ગુજરાતી શબ્દોના લીં પરિવર્તનથી થતો અર્થભેદ સમજાવવામાં આવ્યો હતો. કાર્યશાળા પુર્ણ થતા સૌ પૌષ્ટીક અલ્પહાર લઈ રાષ્ટ્રગાન ગાઈ છુટા પડયા હતા. ધોધમાર વરસાદી વાતાવરણ વચ્ચે યોજાયેલી આ કાર્યશાળામાં નોંધ પાત્ર સખ્યામાં ભાષા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શનિવારે આગામી કાર્યશાળા યોજાશે

પ્રતિષ્ઠાનની આગામી કાર્યશાળા શનિવાર તા. ૧૨-૧૦-૨૦૧૯ના રોજ બપોરના ૩.૩૦ થી ૬ કલાક દરમિયાન ચિલ્ડ્રન યુનિ. સમિતિ ખંડ સે-૨૦ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં વિના મુલ્યે ભાગ લેવા ભાષા પ્રેમીઓને જાહેર આમંત્રણ છે. ઉચ્ચ વ્યવસ્થા માટે આગમનની જાણ સંયોજકના વોટસએપ નં. ૯૮૨૫૭૦૯૭૭૮ પર કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# માણસા ખાતે આવતીકાલે રોજગાર ભરતી મેળો-સ્વરોજગાર શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગાર ભરતી મેળો સ્વરોજગાર શિબીરનું આયોજન તા.૧૧મી ઓકટોબર, ૨૦૧૯ના રોજ નગરપાલિકા કોમ્યુનિટી હોલ, તખતપુરા રોડ, માણસા ખાતે કરવામાં આવ્યું છે.

તે ઉપરાંત રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગાર ભરતી મેળો સ્વરોજગાર શિબીરનું આયોજન તા. ૧૫ ઓકટોબર, ૨૦૧૯ના રોજ કલોલ ખાતેની સરકારી ટેકનીકલ સંસ્થામાં કરવામાં આવ્યું છે. તા.૧૮મી ઓકટોબર, ૨૦૧૯ના રોજ દહેગામની મહાસુખલાલની વાડી, ભારત પ્રેટ્રોલ પંપ સામે, રોજગાર ભરતી મેળો સ્વરોજગાર શિબીરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તમામ ભરતી મેળાઓ સવારના ૧૦.૩૦ કલાકે યોજાશે. આ ભરતીમેળામાં ધોરણ-૧૦ પાસ, ૧૨ પાસ/નાપાસ, આઈ.ટી.આઈ. (તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજયએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે, કોપા, બી.કોમ, બીસીએ ઉમેદવારો ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોને તેઓના બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ભરતી મેળામાં ઉપસ્થિત રહેવા અને વધુ માહિતી માટે રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર, બીજો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.


